જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૨/૨૦૧૬ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૨૬/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી ૧૬૫ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ બિયર ટીન કબજે કર્યુ હતુ.

### તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૨૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૫ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૨૨૨૮/૧૬

**પાલડીઃ** રાહુલ ગોપાલભાઇ મોલાડીયા (રહે.ઓપેરા સોસાયટીના છાપરાં પરાગ સોસાયટી સામે વિકાસગૃહ પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૧૨/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ફતેપુરા અંકુર સ્કુલ પાસે આવેલ પેટ્રોલપંપ નજીક રાહુલ મોલાડીયા પાસેથી જુની પાંચસો ના દરની નોટ ના છુટા આપવાની લાલચ આપી અજાણ્યો પુરૂષ રાહુલ મોલાડીયા પાસેથી રૂપિયા ૫૦,૦૦૦/- લઈ સામેના મકાનમા જઇ મારા માણસ પાસેથી છુટા પૈસા લઈ આવુ તેમ કહી રૂપિયા લઈ છેતરપીંડી કરી પલાયન થઈ ગયો હતો. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રાજુભાઇ કાળુભાઇ ચલાવે છે.

**દરીયાપુરઃ** હંસાબહેન જયંતીલાલ મોદી (ઉ.વ.૭૧) (રહે.અધ્યારૂની ખડકી ભંડેરીપોળ દરીયાપુર) એ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૧૬ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે હંસાબહેનના ઘર નજીક એક અજાણી સ્ત્રી આવી હતી અને હંસાબહેન તથા સાહેદ ભારતીબહેનને વિધવા સહાય અપાવવાનુ કહી વિશ્વાસમાં લઈ હંસાબહેનના પતિના મરણના પ્રમાણપત્ર, મતદાન કાર્ડ, તેમજ સાહેદ ભારતીબહેન પાસેથી આધારકાર્ડ અને કાર્બન કંપનીનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૩,૦૦૦/-, તેમજ હંસાબહેનની ૧૭ વર્ષની પૌત્રી પાસેથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૦,૦૦૦/-, કાનની બે બુટ્ટીઓ કિમત રૂપિયા ૧૮,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૮૧,૦૦૦/- મતા લઈ જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એસ.સિંધવ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**શહેરકોટડાઃ** કાર્તીકભાઇ મગનભાઇ તલાટી (ઉ.વ.૪૦) (રહે. મારુતી એપાર્ટમેન્ટ ઘાટલોડીયા સોલા રોડ) એ તા.૧/૧૨/૧૬ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૧/૧૫ થી માહે એપ્રીલ ૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન અમદુપુરા સફલ-૪ માં બી-૩૦૮ ત્રીજા માળે હિત ફેશન ખાતેથી આરોપી (૧) રાજેશ કે.જૈન હુંડીયા પ્રોપરાઈટર લલીતા સીલ્ક (રહે.એટ.અગ્રાહારામ ૪/૧ લક્ષ્મી પ્રીયાન એપાર્ટમેન્ટસ પ્લોટ નં.00૪ ગુનતુર આંધ્રપ્રદેશ) અને (૨) સુધીર એન ઉર્ફે વીરા દુર્ગાપ્રસાદ પ્રોપરાઈટર લક્ષ્મી સારીસ (રહે.પન્ડરીપુરમ ચીલાકાલુરીપેટ ગુન્તુર આંધ્રપ્રદેશ) એ ભેગા મળી કાર્તીકભાઇને વિશ્વાસમાં લઈ કાર્તીકભાઈ પાસેથી કાપડ ડ્રેસ મટીરીયલ્સ કુલ રૂપિયા ૧૭,૯૦,૮૮૬/- ખરીદી કરી તે પેટે રૂપિયા ૪,૩૬,૩૫૦/- ચુકવી બાકી નિકળતા રૂપિયા ૧૩,૫૪,૫૩૬/- નહી ચુકવી કાર્તીકભાઈ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એસ.ડામોર ચલાવે છે.

<u>**ઘરફોડઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૨૨૨૯/૧૬**</u>

**માધવપુરાઃ** કમલેશભાઈ મંગળભાઈ પટેલ (ઉ.વ.૪૯) (રહે. રજપૂતવાડો કડવાપોળ દરિયાપુર) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૧૬ રાતના ૧૧/૩૦ થી તા.૧/૧૨/૧૬ કલાક ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાનમાં દિલ્હી દરવાજા કોઠારી જંકશન પાસે આવેલ ઓટોરિક્ષા ડ્રાઈવર્સ કો.ઓ.સોસયટી લીમીટેડ પેટ્રોલપંપની કેબીનની લોખંડની જાળી તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીનુ તાળુ તોડી રોકડ રૂપિયા ૧,૯૦,૦૦૦/- ચોરી કરી ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.બી.ખિલેરી ચલાવે છે.

**સોલા હાઇકોર્ટઃ** પ્રકાશભાઇ સુરેશભાઇ બ્રહ્મભટ્ટ (રહે.અનુરાગ બંગ્લોઝ જલારામ પરોઠા હાઉસની ગલીમા સોલા સાયન્સ સીટી રોડ) એ તા.૧/૧૨/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૧૬ રાતના ૮/૦૦ થી તા.૧/૧૨/૧૬ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન સોલા ગુલાબ ટાવર મણીભદ્ર ફ્લેટની સામે ઉપેન્દ્ર પાર્ક શોપિંગ સેન્ટર ખાતે પોતાની દુકાનના દરવાજાનુ શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી પેન્ટ-શર્ટ, બેલ્ટ, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૧૮,૪૦૦/- મળી કુલ રૂપિયા ૩૮,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એસ બી સૈયદ ચલાવે છે.

<u>**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૨૨૩૦/૧૬**</u>

**ચાંદખેડાઃ** એલેકઝાન્ડર સ/ઓ કનુભાઇ સુટુઅર્ટ (રહે. કલ્પનાનગર જનતાનગરની સામે ચાંદલોડીયા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૧૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે એલેકઝાન્ડરના પિતા કનુભાઇ સુટુઅર્ટ ચાંદખેડા કલ્પનાનગર સોસાયટીની સામે બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે.૧.જે ડબ્લ્યુ ૯૭૩૪ ના ચાલક રોનક રાજારામ વિશ્વકર્મા (રહે. હરબજાની ચાલી જવાહર ચોક સાબરમતી) એ મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી કનુભાઇ સુટુઅર્ટને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એમ દવે ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ટ્રેનની અડફેટે મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૩૧/૧૬</u>**

**જીઆઈડીસી વટવાઃ** દિપકભાઈ મહેશભાઈ સોનારા (ઉ.વ.૩૨) (રહે. નવી વસાહત કેડિલા બ્રિજ પાસે જશોદાનગર) તા.૧/૧૨/૧૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પુનિતનગર રેલવે ફાટકના થાંભલા નજીક રેલવે પાટા ક્રોસ કરતા હતા ત્યારે ટ્રેનની અડફેટે આવી જતા બન્ને પગ કપાઈ ગયેલ અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વા.સા.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ એ ધાસુરા ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૩૨/૧૬</u>**

**મેઘાણીનગરઃ** ભારતીબહેન ઉર્ફે ડોલી વા/ઓ રામબરન જાટવ (ઉ.વ.૧૯) (રહે.ગલી નં-૨, ડીફેન્સ કોલોની કિરણ સ્ટુડીયોની બાજુમાં ભાર્ગવ રોડ મેઘાણીનગર) તા.૨૫/૧૧/૧૬ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઇ બનાવતા હતા ત્યારે સ્ટવને ફૂંક મારતા ભડકો થતા શરીરે દાઝી ગયા હતા. સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧/૧૨/૧૬ બપોરના ૩/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સાગરભાઇ હરીભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૩૩/૧૬</u>**

**વટવાઃ** દીપિકાબેન વા/ઓ જગદીશસિંગ ભદોરીયા (ઉ.વ.૨૩) (રહે. સરીતાપાર્ક બચુભાઈનો કુવો વટવા) એ અગમ્ય કારણસર તા.૧/૧૨/૧૬ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત નોધ નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.ગોહીલ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)